**<u>ઈલેકશન પીટીશન નં.૧/૨૦૨૧</u>**

**–:: <u>આંક– ૫ લગત હુકમ</u> ::–**

૧. અરજી વંચાણે લીધી. પક્ષકારો તરફે વિ.વ.શ્રીને સાંભળ્યા. અરજદાર તરફે હાલની અરજીના સમર્થનમાં અરજ મુજબની રજુઆત કરી મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, હાલના કામે ચુંટણીને લગતા બેલેટ પેપર તથા અન્ય સાહિત્ય સામાવાળા નં.૧ ની કસ્ટડીમાં રહેલ છે અને હાલની અરજમાં સામાવાળા નં.૧ વિરૂધ્ધ આક્ષેપ કરવામાં આવેલ હોઈ અને તેવા સંજોગોમાં જો આ રેકર્ડ સામાવાળા નં.૧ ની કસ્ટડીમાં રહે તો તે અરજદારને નુકશાન થાય તેમ છે અને આ રેકર્ડ આ અદાલતની કસ્ટડીમાં વધુ સલામત રહે તેમ હોઈ, હાલની અરજ મંજુર કરી અરજમાં માગ્યા મુજબની દાદ અપાવવા રજુઆત કરેલ છે. અરજદારે પોતાની રજુઆતના સમર્થનમાં સ્પે.સીવીલ એપ્લીકેશન નં.૪૨૪૬/૨૦૧૮, હંસાબેન કીરીટભાઈ પટેલ વિ. અલ્પાબેન મહેન્દ્રભાઈ પરમારના ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

૨. હાલના કામે સામાવાળા નં.૧ તરફે ડી.જી.પી.શ્રીનાઓએ એવી રજુઆત કરેલ છે કે, ચુંટણી પછી તમામ રેકર્ડ સીલ કરી સ્ટ્રોંગ રૂમમાં રાખવામાં આવે છે અને આ રેકર્ડ કોઈ વ્યકિત ખોલી શકતું નથી અને તેની સલામતી અને ગુપ્તતા કાયદા અનુસાર જાળવવામાં આવતી હોઈ અને જયાં સુધી સી.સી.ટી.વી.ની બાબત છે તો તે આ અદાલત જે તે સમયની સી.સી.ટી.વી. ફુટેજ મંગાવી પોતાની કસ્ટડીમાં રાખે તે બાબતે તેઓને કોઈ વાંધો નથી.

૩. સામાવાળા નં. ૨ તરફે વિ.વ.શ્રી ઘ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે હાલની અરજની દાદ વંચાણે લેવામાં આવે તો અરજદારે એવી દાદ માગેલ છે કે, અદાલત મથદાન મથકેથી પેટી મંગાવી નામદાર કોર્ટને યોગ્ય અને સેઈફ કસ્ટડીમાં રાખે તેવો હુકમ કરવા દાદ માગેલ છે. સ્વીકૃતપણે પંચાયત ધારાની કલમ–૩૧ વંચાણે લેવામાં આવે તો અરજદારે પોતાની મુળ ઈલેકશન પીટીશનમાં જે તે સમયે કોઈ વાંધો લીધેલો હોય તેવી હકીકત જાહેર થતી નથી. તેવા સંજોગોમાં અરજદારે મુળ

અરજમાં જે આક્ષેપ કરેલ છે તે ટકવાપાત્ર નથી. વધુમાં જયાં સુધી રેકર્ડ મંગાવવાની બાબત છે તો તે આ અદાલતની કસ્ટડી કરતા સ્ટ્રોંગ રૂમમાં વધુ સલામત હોઈ હાલની આ અરજ રદ કરવા રજુઆત કરેલ છે.

૪. સ્વીકૃત પણે અરજદારની અરજ વંચાણે લેવામાં આવે તો તેમાં અરજદારે અમરાપુર ગામે તા.૧૯–૧૨–૨૦૨૧ ના રોજ વોટીંગ થયેલ અને તા. ૨૧–૧૨–૨૦૨૧ ના રોજ મતગણતરી થયેલ તે વખતે અરજદાર હાજર હતા અને ગણતરીના અંતે અરજદારને ૮૫૨ વોટ મળે છે અને સામાવાળા નં.૨ ને ૮૭૩ વોટ મળે છે તેવુ જાહેર થતા અરજદારે ચુંટણી અધિકારીને મૌખિક રીકાઉટીંગ માટે વિનંતી કરેલી અને આ માંગણી દરવાજા પાસે ઉભા રહી કરેલી, કારણ કે અંદરની બાજુ જઈ શકાય તેવું ન હતુ અને તેઓને ચુંટણી અધિકારીએ કહેલું કે માલતદાર પાસે જાઓ અને તે વખતે માલમતદાર પાસે ગયેલા અને માલમતદાર સાહેબે કહેલ કે આ બાબતે તેજ કાર્યવાહી કરશે. ત્યારે અમો ચુંટણી અધિકારી પાસે ગયેલા ત્યારે ચુંટણી અધિકારીએ કહેલ કે હવે કશું નહીં થાય જીત જાહેર થઈ ગયેલ છે, જેથી અમો અરજદારે હાલની આ પીટીશન દાખલ કરેલ છે. આ ઉપરાંત અરજદારે એવું કથન કરેલ છે કે મત ગણતરી વખતે ૧૩૬ મતો અસ્વીકારાયેલા મતો તરીકે જાહેર થયેલા હતા અને આ મતોમાં મોટાભાગના એટલે કે ૯૩ મતમાં અરજદારનું નિશાન કઢાઈ ઉપર ઘાટી સહીથી સિકકો મારેલહ તો અને જે સિકકાવાળુ બેલેટ પેપર એવી રીતે વાળેલ હતુ કે ઘટા સિકકાની છાપ સામેની બાજુમાં છપાઈ ગયેલ હતી, જે તે ૯૩ મતો અમારી તરફેણમાં પડેલ હોવા છતાં મતોને અસ્વીકારયેલા ગણી પરિણામને અસર થાય તેવું ખોટું કાઉન્ટીંગ ગણી પરિણામ ફેરવી નાખવામાં આવેલ, જે ચુંટણી પ્રક્રિયા વિરૂધ્ધનું હોઈ અને રીકાઉન્ટીંગ માંગવા છતાં આપેલ નહીં અને સામાવાળા નં. ૨ નાના આજ રીતે છપાયેલા મતોને ગણવામાં આવેલ છે. જેથી અરજદાર સાથે અન્યાય થયેલ હોઈ સદર બેલેટ પેપરને અદાલત રૂબરૂ ચકાસવામાં આવે અને ફરીથી રીકાઉન્ટી કરવામાં આવે તો અરજદારની તરફેણમાં પરીણામ જાહેર થઈ શકે છે. વધુમાં જે મતગણતરી કરવામાં

આવેલ છે તે ગુજરાત પંચાયત એકટ ચુંટણી અધિનિયમ મુજબ ગણતરી કરેલ નથી અને મત પેટી અને ચુંટણી સાહિત્ય આ અદાલતની કસ્ટડીમાં તાત્કાલીક મંગાવવામાં ન આવે તો સામાવાળા નં.૧ અને ચુંટણી અધિકારી મતો સાથે છેડછાડ કરી શકે તેવી શકયતા હોઈ મતપેટી તથા સાહીત્ય અત્રેની કોર્ટ કસ્ટડીમાં મગાવવા રજુઆત કરેલ છે.

૫. હાલની અરજમાં સામાવાળા નં.૧ તરફે આ કામના અરજદાર આજરોજ સુનાવણી માટે આગ્રહ કરી રહેલ હોઈ જવાબ આપવા માગતા ન હોવાનું લેખિત પુરસીસથી જાહેર થયેલ છે. જયારે સામાવાળા નં. ૨ દ્વારા હાલની અરજનો લેખિત જવાબ રજુ કરવામાં આવેલ છે જેમાં અરજદારની અરજીની તમામ હકીકતોનો ઈનકાર કરી ચુંટણીનું સાહિત્ય સ્ટ્રોંગ રૂમમાં સીલબંધ પેટીમાં રાખવામામં આવેલ હોઈ અને તેની દેખરેખ ચુંટણી કમીશ્નર, ગુજરાત રાજય સીધી રીતે રાખતા હોઈ સદરહુ રેકર્ડ સાથે કોઈ ચેડા થાય તેવી શકયતા ન હોઈ, હાલની આ અરજ રદ કરવા કથન કરેલ છે.

૬. સ્વીકૃતપણે અરજદારની મુળ અરજ તથા હાલની અરજમાં જે આક્ષેપ થયેલ છે તે આક્ષેપ બાબતે વિચારણા કરવામાં આવે તો અરજદારની આક્ષેપ એવો છે કે, તેઓના નિશાન ઉપર જે ઘાટી સહીથી સિકકો મારેલહ તો અને તે સિકકો બેલેટ પેપર ખોટી રીતે વાળવાના કારણે સામેની તરફ છપાઈ ગયેલ અને તે મતો અમાન્ય ગણવામાં આવેલ. જયારે આવાજ પ્રકારના બેલેટ પેપર સામાવાળા નં. ૨ ના નીકળેલ તેને માન્ય ગણવામાં આવેલ. આ બાબતે વિચારણા કરવામાં આવે તો એ હકીકત સ્વીકૃત છે કે, મતગણતરી સમયે આ કામના અરજદાર તથા સામાવાળા નં.૨ બન્ને મતગણતરી મથકમાં પોતે જાતે હાજર હોય છે અને જયાં સુધી બેલેટ પેપર વાળવાની બાબત છે તો તે સમયે પણ જયારે મતદાન કરવામાં આવતુ હોય ત્યારે ઉમેદવાર તથા તેઓના એજન્ટ મતદાન મથકમાં હાજર રાખવામાં આવે છે. જો બેલેટ પેપર વાળવા બાબતે તકરાર હોય તો જે તે સમયે આ કામના અરજદારે ઉઠાવેલ હોત, પરંતુ તેમ થયેલ નથી. આ ઉપરાંત જયારે મતગણતરી થઈ રહી હતી તે સમયે અરજદાર પોતે હાજર હોવા છતાં તે સમયે કોઈ વાંધો લેવામાં આવેલ નથી. આ ઉપરાંત જયાં સુધી આ અદાલતની કસ્ટડીમાં સદર રેકર્ડ

મંગાવવાની બાબત છે તો એ હકીકત સ્વીકૃત છે કે ચુંટણી અધિકારી જે નિમવામાં આવે તો તે અન્ય હોદ્દા ઉપર ફરજ બજાવતા કર્મચારી કે અધિકારીને નિમવામાં આવે છે અને ચુંટણી પ્રક્રિયા પુર્ણ થયા બાદ ચુંટણી અંગેનું સમગ્ર સાહિત્ય સ્ટ્રોંગ રૂમમાં રાખવામાં આવે છે અને ચુંટણી પ્રક્રિયા સમયે ફરજ બજાવનાર ચુંટણી અધિકારીનું તેના ઉપર અંકુશ હોતો નથી, તેવા સંજોગોમાં સામાવાળા નં.૧ ઉપર હાલની અરજ બાબતે જે આક્ષેપ કરવામાં આવેલ છે તે યોગ્ય જણાતા નથી. વધુમાં સ્ટ્રોંગ રૂમમાં ચુંટણી અધિકારી એટલે કે સામાવાળા નં.૧ સહેલાઈથી અવર જવર કરી શકે અને મતમાં ફેરફાર કરી શકે તેવી કોઈ શકયતા રહેલ નથી અને સામાવાળા નં.૧ નાએ કોઈ મત ઉમેરી દીધા હોય કે ઓછા કરી દીધા હોય તેવો કોઈ આક્ષેપ નથી અને ખરેખર જે તે સમયે બેલેટ પેપર વાળવાની જવાબદારી કોની હતી તે પુરાવાથી અદાલતના રેકર્ડ ઉપર આવે. ત્યારબાદ જરૂર જણાયેથી અદાલત રીકાઉન્ટીંગનો હુકમ કરી શકે તેમ છે અને જયાં સુધી સદર રેકર્ડ આ અદાલતની કસ્ટડીમાં રાખવાની બાબત છે તો સ્ટ્રોંગ રૂમમાં હાલમાં જયાં મતપેટી તથા અન્ય સાહિત્ય રહેલ છે ત્યાં કોઈ ચેડા થયેલ હોય કે તેવા કોઈ ચેડા થયેલાનું અદાલતના ધ્યાન ઉપર આવેલ હોય અને તેવા કોઈ ચુકાદા ઉપર અરજદાર તરફે આધાર રાખવામાં આવેલ નથી અને સ્વીકૃતપણે અદાલતમાં સ્ટ્રોંગ રૂમ ઉપલબ્ધ હોતો નથી, જેના કારણે જ અદાલતનો કિંમતી મુદ્દામાલ પેટા તિજોરી કચેરીના સ્ટ્રોંગ રૂમમાં રાખવામાં આવે છે. આ સ્થિતિ ધ્યાને લેવામાં આવે તો હાલમાં જે સ્ટ્રોંગ રૂમમાં સામાવાળા નં.૧ ની કસ્ટડીમાં બેલેટ પેપર તથા ચુંટણી અંગેનું સાહિત્ય રહેલ છે ત્યાં સલામતીનો કોઈ પ્રશ્ન ન હોઈ અને અરજદારની અરજીમાં જે આક્ષેપ રહેલ છે તેમાં મતની સંખ્યા વધુ કે ઓછી કરવામાં આવેલ હોય તેવો આક્ષેપ રહેલ ન હોય, તે રેકર્ડ અત્રે મંગાવવા પાત્ર જણાતું નથી.

૭. અરજદાર તરફે જે ચુકાદા ઉપર આધાર રાખવામાં આવેલ છે તે વંચાણે લેવામાં આવે તો તેમાં સ્વીકૃતપણે પીટીશનરે મત ગણતરી સમયે તાત્કાલીક વાંધો લીધેલ હતો અને ચુંટણી અધિકારી ઉપર પોતાની ફરજ યોગ્ય રીતે નહીં બજાવવા

અને મત ગણતરીનો આક્ષેપ કરવામાં આવેલ હતો. હાથ ઉપરના કેસમાં અરજદારનો આક્ષેપ વંચાણે લેવામાં આવે તો તેમાં અરજદારના અસ્વીકારાયેલા મતો અને તેજ સંજોગોના સામાવાળા નં. ૨ ના અસ્વીકારાયેલા મતોને યોગ્ય મતો ગણવામાં આવેલ તેવો આક્ષેપ છે, પરંતુ તે સમયે અરજદાર પોતે પણ મતગણતરીના સ્થળે હાજર હોય, જે તે સમયે વાંધો લઈ શકયા હોત, પરંતુ તેમ થયેલ નથી અને જે ચુકાદા ઉપર આધાર રાખેલ છે તેમાં મત ગણતરી તા.૨૯–૧૨–૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ અને તેજ સમયે અરજદારે ચુંટણી અધિકારી સમક્ષ ફરીયાદ દાખલ કરેલ હતી. હાથ ઉપરના કેસમાં કેસના સંજોગો અને સદર ચુકાદાના કેસનો સંજોગો એકબીજાની તદ્દન ભિન્ન હોઈ સદર ચુકાદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત અરજદાર તરફેની રજુઆતને સમર્થન કરતો નથી. જયાં સુધી મતગણતરી સમયેના સી.સી.ટી.વી. ફુટેજ મંગાવવાની અને અદાલતની કસ્ટડીમાં રાખવાની બાબત છે તે બાબતે સામાવાળા નં.૧ તરફે આ અદાલત સમક્ષ લેખિત પુરસીસથી તા.૨૧–૧૨–૨૦૨૧ ના રોજ સરકારી વિનયન અને વાણિજય કોલેજ, સમી ખાતે મતગણરી કરવામાં આવેલ હતી અને મતગણતરી સમયે કોઈપણ પ્રકારના સી.સી.ટી.વી. કેમેરા લગાવવામાં આવેલ ન હતા તેવા સંજોગો સી.સી.ટી.વી. ફુટેજ મંગવાવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આમ ઉપરોકત તમામ સંજોગો ધ્યાને લેતા અરજદારની હાલની મંજુર કરવા પાત્ર થતી ન હોઈ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

– અરજદારની હાલની આ અરજ નામંજુર ( રદ ) કરવામાં આવે છે.

– ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

આ હુકમ આજ તા.**૭ થી,**માહે **ફેબ્રુઆરી**,સને **૨૦૨૨** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૭/૦૨/૨૦૨૨
સમી.

**( ડી. એલ. ઠાકોર )**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,
સમી.
UIC No.GJ 00893